5C

[59 / A-79]

# Sardar Patel University

total pages -4

## M.A. Examination / semester: 3 (Gujarati),

Tuesday, Date:02/4/16 Time: 2.30 p.m. to 5.30 p.m.,

Subject code PA03CGUJ07

Subject/course Title: ભાષાવિજ્ઞાન linguistics (New)

---

Total marks: 70

પ્રશ્ન : ૧ વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. ગુણ :10

૧) યોગ્ય યુગ્મો રચો.

| યાદી-૧ | યાદી-૨ |
|---|---|
| ૧) તાલવ્ય | ૧) ષ |
| ૨) દંત્ય | ૨) શ |
| 3) મૂર્ધન્ય | 3) હ |
| ૪)મર્મર | ૪) સ |

અ) ૧-3 , ૨-૪, 3-૧, ૪-૨ બ) ૧-૪, ૨-૨, 3-3, ૪-૧

ક) ૧-3 , ૨-૪, 3-૨, ૪-૧ ડ) ૧-૨, ૨-૪, 3-૧, ૪-3

૨) નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાનઃ ૧ ગુજરાતીની પ્રથમ ભૂમિકા માટે 'જૂની પશ્ચિમી રાજસ્થાની' સંજ્ઞા તેસ્સિતોરીએ પ્રયોજી.

વિધાનઃ૨ ગુજરાતીની પ્રથમ ભૂમિકા માટે 'પ્રાચીન ગુજરાતી'સંજ્ઞા કે.હ.ધ્રુવે પ્રયોજી.

અ) બન્ને વિધાનો સાચાં છે. બ) બન્ને વિધાનો ખોટાં છે.

ક) વિધાનઃ૧ સાચું ,વિધાનઃ૨ ખોટું છે. ડ) વિધાન : ૧ ખોટું,વિધાનઃ૨ સાચું.

૩)નીચેનામાંથી કઇ વિગત સંગત છે? તે જણાવો.

અ) ચરોતરી બોલી : બરકવું , 'હ'શ્રુતિનો પ્રયોગ

બ) ઉત્તર ગુજરાતની બોલી : કાળિયો , સાનુનાસિકતાનો લોપ

ક) સોરઠી બોલી : ત્શોકરો , 'હ'શ્રુતિનો પ્રયોગ

ડ) દક્ષિણ ગુજરાતની બોલી : નાલ્લું , સંકેતાર્થનાં 'તે'વાળા રૂપો

૪) નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાન :૧ નાદતંત્રીની નિષ્કંપ અવસ્થામાં ઘોષ ધ્વનિ ઉત્પન્ન થાય છે.

વિધાન :૨ નાદતંત્રીની સકંપ અવસ્થામાં અઘોષ ધ્વનિ ઉત્પન્ન થાય છે.

અ) બન્ને વિધાનો સાચાં છે. બ) બન્ને વિધાનો ખોટાં છે.

ક) વિધાન:૧ સાચું ,વિધાન:૨ ખોટું છે. ડ) વિધાન : ૧ ખોટું,વિધાન:૨ સાચું

૫) નીચેનામાંથી કયું યુગ્મ સાચું છે?

અ) મહારાજ, અંગવિસ્તાર બ) કુશળ ,અર્થસંકોચ.

ક) ધામ ,ધ્વનિપરિવર્તન ડ) બટાટા, સ્વરસાદૃશ્ય

૬) 'લ'નો 'ળ' કઈ ભાષા ભૂમિકાનું ધ્વનિપરિવર્તન છે?

અ) ગજરાતીની પ્રથમ ભૂમિકા બ) ગુજરાતીની દ્વિતીય ભૂમિકા

ક) ગુજરાતીની તૃતીય ભૂમિકા ડ) અપભ્રંશ ભાષા

૭) નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

વિધાન:૧ 'ઙ' અને 'ઞ' અન્ય અનુનાસિકો સાથે ભેદકધર્મ ધરાવે છે.

વિધાન:૨ 'ઙ' અને 'ઞ' પરસ્પર સાથે ભેદકધર્મ ધરાવતા નથી.

અ) બન્ને વિધાનો સાચાં છે. બ) બન્ને વિધાનો ખોટાં છે.

ક) વિધાન:૧ સાચું ,વિધાન:૨ ખોટું છે. ડ) વિધાન : ૧ ખોટું,વિધાન:૨ સાચું

૮) ગુજરાતી ભાષાની બીજી ભૂમિકામાં આવેલ પરિવર્તન માટે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો છે?

અ) 'શ'નો 'સ' બ) 'સ'નો 'શ' ક) 'ડ'નો 'લ' ડ) સંયુકત વ્યંજનનો વિશ્લેષ

૯) નીચેની બન્ને યાદીને આધારે યોગ્ય યુગ્મો રચો.

| યાદી-૧ | યાદી-૨ |
|---|---|
| ૧) નાગભાષા | ૧) યુરેલિક આલ્તાઇ ભાષાકુળ |
| ૨) કૂઈ ભાષા | ૨) સેમેટિક-હેમેટિક ભાષાકુળ |
| ૩) કઝાક | ૩) દ્રવિડી ભાષાકુળ |
| ૪) હિબ્રૂ | ૪) ચીની-તિબેટી ભાષાકુળ |

૧૦) નીચેનામાંથી કઈ વિગત અસંગત છે તે જણાવો.

અ) કોડીના આધારે ગણતરી ,મધ્ય પ્રત્યય ,મોનખ્મેર ભાષાકુળ

બ) સજીવ-નિર્જીવના આધારે લિંગવ્યવસ્થા,સ્વરઅનુરૂપતા,મલેશિયનભાષાકુળ

ક) મણિપ્રવાલશૈલી ,મૂર્ધન્ય વ્યંજનોનું પ્રાધાન્ય ,દ્રવિડીકુળ

ડ) અયોગાત્મક ભાષા ,સૂરપ્રધાનતા,ચીની-તિબેટી ભાષાકુળ

પ્રશ્નઃ ૨ સંકેતની વિભાવના સ્પષ્ટ કરી, માનવભાષાના સંકેતો પ્રાણીઓના સંકેતોથી કઈ દૃષ્ટિએ વિશિષ્ટ છે તે જણાવો.

( ગુણ : ૧૫)

અથવા

ટૂંકનોંધ લખો. (બન્ને)

અ) ભાષા વર્ગીકરણની પધ્ધતિઓ

બ) ભાષાની વિભાવના

પ્રશ્ન : ૩ 'ધ્વનિઘટક'એટલે શું તે જણાવી, ગુજરાતીના ધ્વનિઘટકોનું વિગતે વર્ગીકરણ કરો.

( ગુણ : ૧૫)

અથવા

ટૂંકનોંધ લખો. (બન્ને)

અ) ગુજરાતીના સ્વર-વ્યંજનોની ઉચ્ચારણગત વિશેષતાઓ

બ) ગુજરાતી ભાષાના અનુનાસિકો

પ્રશ્નઃ ૪ ભાષા અને બોલી વચ્ચેનો ભેદ જણાવી કોઈ પણ એક પ્રાદેશિક બોલીની ધ્વનિ ,વ્યાકરણ અને શબ્દભંડોળ અંતર્ગત વિશેષતાઓ વિગતે જણાવો.

અથવા. ( ગુણ : ૧૫)

ટૂંકનોંધ લખો. (બન્ને)

અ) ભાષાના સહવર્તી ધર્મો : જંકચર ,સૂર, ભાર

બ) ભાષા ,વાણી અને લિપિ

પ્રશ્ન : ૫ ભારતીય આર્યભાષાનો ઉદ્દભવ અને વિકાસ વિગતે જણાવો.

અથવા. ( ગુણ : ૧૫)

ટૂંકનોંધ લખો. (બન્ને)

અ) જગતનાં ભાષાકુળો

બ) ગુંજરાતી ભાષાની પ્રથમ ભૂમિકા

X=X=X